ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ૨૦૧૪ પછી છ વાવાઝોડાનો ખતરો ગુજરાત પર મંડરાયો હતો..!!!

## આ છ વાવાઝોડામાંથી ૪ વાવાઝોડા ફંટાઈ ગયા તો બે સમુદ્રમાં જ સમાઈ ગયા

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત પર ''વાયુ'' વાવાઝોડુ ત્રાટકવાનું છે ત્યારે ઝીરો કેઝ્યુલ્ટી મિશન સાથે તંત્ર સાબદુ અને સતર્ક બન્યુ છે. ૨૦૧૪ થી ગુજરાતમાં છ વાવાઝોડાનો ખતરો મંડરાયો હતો, પરંતુ ગુજરાત આ છ યે વાવાઝોડાથી બચી ગયુ હતુ.

જે છ વાવાઝોડા ગુજરાતમાં આવવાના હતા તેમાંથી ૪ વાવાઝોડા ફંટાઈ ગયા હતા. જ્યારે બે વાવાઝોડા દરિયામાં જ સમાઈ ગયા હતા.

ચપાસા, નનૌક, અશોબા, સાગર નામના વાવાઝોડા ગુજરાતથી ફંટાઈ ગયા હતા જ્યારે ઓબી અને નિલોફર નામના વાવાઝોડા દરિયામાં જ સમાઈ ગયા હતા.

નનૌક ચક્રાવાત ૧૩મી જૂન ૨૦૧૪ના રોજ અરબી સમુદ્રમાં વેરાવળથી ૫૯૦ કિ.મી.ના અંતરે સર્જાયુ હતુ. જેના પગલે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોને એલર્ટ જાહેર કરાયા હતા પરંતુ તે ઓમાન તરફ ફંટાઈ ગયુ હતુ.

આજ વર્ષે પુનઃ ઓક્ટો. માસમાં નિલોફર વાવાઝોડાને લઈ સરકારે તૈયારીઓ આરંભી હતી પણ નિલોફરને સમુદ્રે જ તેમા સમાવી લીધુ હતુ.

વર્ષ ૨૦૧૫માં ૧૦મી જૂને અશોબા વાવાઝોડુ પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં ઊંડા સાયક્લોને પગલે અતિ તીવ્ર બન્યુ હતુ પરંતુ તે ઓમાન તરફ ફંટાઈ જતાં ગુજરાત પરથી ઘાત ટળી હતી.

૨૦૧૫માં જ ઓક્ટો. માસમાં ચપાલા નામનુ વાવાઝોડુ અરબી સમુદ્રમાં સર્જાયુ હતુ જે વાવાઝોડુ પણ ઓમાન તરફ ફંટાયુ હતુ.

ઓબી વાવાઝોડુ ડિસે. ૧૭માં તામિલનાડુ અને કેરળમાં હાહાકાર મચાવ્યા બાદ ગુજરાત તરફ વળ્યુ હતુ પરંતુ ગુજરાત પહોંચતા પહેલાં તે વિખરાઈ જવા પામ્યુ હતુ.

૨૦૧૮માં ગુજરાતના દરિયાકાંઠે સાગર નામનુ વાવાઝોડુ સર્જાયુ હતુ પરંતુ ગુજરાત તટે પહોંચતા પહેલાં જ તે યમન તરફ ફંટાઈ જતાં ગુજરાતે વધુ એકવાર રાહતનો દમ લીધો હતો.




# જિલ્લામાં ૮૦૬૧ બાળકો અનિયમિત અને અતિ અનિયમિત જણાયા

## જિલ્લામાં ૫૦૮૩ બાળકો અતિઅનિયમિત જ્યારે ૩૫૧૯ બાળકો અનિયમિત જણાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ૫૦૮૩ બાળકો અતિ અનિયમિત જણાયા હતા જ્યારે ૩૫૧૯ બાળકો અનિયમિત જણાયા હતા.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ઓનલાઈન એટેડેન્સમાં આ હકીકત બહાર આવી છે. આમ જિલ્લામાં ૮૬૦૧ બાળકો શાળા શિક્ષણમાં નિયમિત જણાયા નથી.

રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવમાં અનિયમિત અને અતિ અનિયમિત બાળકોના વાલીઓને મળી બાળકના જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવવા તેમજ આ માટે ખાસ સમુદાયો સાથે બેઠક યોજવા અંગે પણ સૂચવ્યુ હતુ.

૪૦ ટકાથી ઓછી હાજરી ધરાવતા બાળકોને અતિ અનિયમિત કેટેગરીમાં સમાવવા તેમજ ૪૧ થી ૬૦ ટકા સુધીની હાજરી ધરાવતા બાળકોને અનિયમિત બાળકો ગણવાનો સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે તો આવા અતિ અનિયમિત બાળકો અને અનિયમિત બાળકોના પરિવારો સાથે સંપર્કસૂત્ર માટે વિવેકાનંદ મંડળોના હોદ્દેદારોને જોડવાનો પણ નિર્ણય કર્યો હતો અને આવા બાળકોના પરિવાર સાથે નાતો કેળવી બાળકોને શાળા તત્પર બનાવવાનો મહત્વનો નિર્ણય પણ ચર્ચાસ્પદ બન્યો હતો.

સરકારે આ વખતે પ્રવેશોત્સવમાં શિક્ષકો દ્વારા કરાયેલ સર્વેમાં મળેલા પ્રવેશપાત્ર બાળકોના નામાંકનને આધારે ૧૦૦ ટકા નામાંકન નહિ પણ ૨૦૧૩-૧૪ના જન્મ-દરના આધારે ૧૦૦ ટકા નામાંકન ધ્યાનમાં લેવા તંત્રને સૂચના આપી હતી.

આ ઉપરાંત અનિયમિત અને અતિ અનિયમિત બાળકોનો ડેટાબેઝ તૈયાર કરવા માટે પણ સરકારે શાળાઓને સૂચના આપી હોવાનું બહાર આવ્યુ છે.

# આકરા તાપમાં શિક્ષકોને શાળા તત્પરતાની તાલિમ અપાઈ

## આજની શિક્ષકોની તાલિમમાં જિલ્લાના જવાબદાર અધિકારીઓની હાજરી નહોતી

ગાંધીનગર, તા. ૧૧

શાળા તત્પરતા અભિયાનને લઈ આજે આકરા તાપમાં ધો. ૧ના શિક્ષકોની યોજાયેલી તાલિમ સૌ કોઈની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

શાળાઓ શરૂ થઈ ગયા બાદ આ નવા પ્રકલ્પને લઈ તાલિમ આપવાનો હેતુ શિક્ષકોને પણ સમજાયો ન હતો. ન તો આજની આ તાલિમમાં જિલ્લાના જવાબદાર અધિકારીઓની હાજરી હતી.

આકરી ગરમીમાં શિક્ષકોની યોજાયેલી તાલિમને પગલે શાળાઓમાં બાળકો પણ આજે શિક્ષકો વગર ભણ્યા હતા. તંત્ર દ્વારા લેવામાં આવતા આવા નિર્ણય કેમ લેવાયો તે મુદ્દો ચર્ચાનો બન્યો છે.

બીજી તાલિમમાં જિલ્લાના કે તાલુકાના અધિકારીઓની કેમ ગેરહાજરી હતી તેના વિશે કોણ પૃચ્છા કરશે.

મહાત્મા મંદિરમાં તેમના પ્રવચન દરમ્યાન મુખ્યમંત્રીએ પણ આવી ચિંતા વ્યક્ત કરી હતી તે વાતને ટાંકી આજે શિક્ષણ જગતમાં એવી ચર્ચા થતી કે સ્કૂલના સમય અને વેકેશન લંબાવવા અંગેની રજુઆતો પછી સરકારે કેમ આવુ વલણ લીધુ તે સમજાતુ નથી.

રાજ્ય સરકારે શાળામાં પ્રવેશ લેનાર બાળકમાં શાળા તત્પરતા બની રહે તે માટે ૨૧ દિવસ સુધી મુક્ત શિક્ષણનો અભિગમ અપનાવવામાં આવનાર છે. હવે આ પ્રકલ્પનું શું થશે તેને લઈ પણ ચર્ચાનો નવો દોર શરૂ થયો છે.

# સ્કૂલવર્ધીના વાહનોની તપાસ હાથ ધરતુ આરટીઓ તંત્ર

## આજે ૧૮ હજારનો બાકી ટેક્ષ વસુલાયો; ૧૮ વાનોના ચાલકો પાસે મંજૂરી ન હોવાથી મેમા ફટકાર્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આર.ટી.ઓ. દ્વારા સ્કૂલવર્ધીના વાહનોની તપાસ હાથ ધરવામાં આવી છે. જે દરમ્યાન ૧૮ વાન પરમિશન વગર એટલે કે સ્કૂલવર્ધીની પરમીટ વગર રસ્તા પર ફરતી હોવાનું જણાઈ આવતાં તંત્રએ આ વાન ચાલકોને મેમા ફટકાર્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ત્રણ સ્કૂલવાનો ફીટનેસ પણ ધરાવતી નહિ હોવાનું ચકાસણીમાં જણાઈ આવતાં તંત્રએ તેને ડિટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જે ૧૮ વાનો પમરીટ વગરની જણાઈ હતી તેવા વાહનચાલકોને ૨ થી ૩ હજાર રૂ.નો આકરો દંડ ફટકારવામાં આવ્યો છે. આજની આ ઝુંબેશ દરમ્યાન એક સ્કૂલબસનું પણ ચેકિંગ કરવામાં આવતાં સ્કૂલ બસનો ટેક્સ જ બાકી હોવાનું બહાર આવ્યુ હતુ. આ બસચાલક પાસેથી ૧૮ હજારનો ટેક્સ પણ તંત્રના અધિકારીઓ દ્વારા વસુલવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા આજે સે. ૨૩માં અને સે. ૭ નજીક આવેલ શાળાઓ નજીક આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તંત્રએ જુદી જુદી ટીમો બનાવી આ ઝુંબેશ હાથ ધરી હતી. આગામી દિવસોમાં આ ઝુંબેશ સઘન બનાવવામાં આવશે તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શાળાઓ શરૂ થતાં જ આર.ટી.ઓ. તંત્ર ગેરકાયદે ચાલતી સ્કૂલવાનો અંગે ત્રાટકતાં વાલીઓમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. આ સ્કૂલવાનોમાં આડેધડ બાળકોને ભરવામાં આવતા હોવાની ફરિયાદો પણ વ્યાપક ઉઠી હતી.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ કે સમગ્ર જિલ્લામાં આ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

નવા શૈક્ષણિક સત્રના આરંભ સાથે ઘણી શાળાઓમાં સ્કૂલવર્ધીના નવા વાહનો ઉમેરાતા આરટીઓ તંત્રએ ખૂબ ઝીણવટપૂર્વક ચકાસણી આરંભી હતી. પ્રતિવર્ષ શૈક્ષણિક વર્ષના આરંભે સ્કૂલવર્ધીના વ્યવસાયમાં અનેક વ્યવસાયકારો જોડાતા હોય છે.

# સરકાર કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર : રૂપાણી

## અમે ઓડિશા સરકાર પાસેથી સૂચના અને વાવાઝોડામાં કેવું આયોજન કરવામાં આવ્યું હતું તેનો રિપોર્ટ મંગાવ્યો છે

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં 'વાયુ' વાવાઝોડાના જોખમ વચ્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરકાર તરફથી તમામ તૈયારીઓ કરવામાં આવી રહી હોવાનું જણાવ્યું છે. જૂનાગઢ ખાતે મીડિયાને સંબોધતા વિજય રૂપાણીએ જણાવ્યું કે, સરકાર કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે. ૧૩મી જૂનના રોજ વાવાઝોડું ગુજરાતમાં ત્રાટકશે તેવી સંભાવના વચ્ચે તમામ સ્ટાફની રજા રદ કરી દેવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, મારી સીધી દેખરેખ હેઠળ તમામ મંત્રીઓને જવાબદારી સોંપી દેવામાં આવી છે. બુધવારે આ વિષય પર જ કેબિનેટની બેઠક બોલાવવામાં આવી છે. બેઠકમાં ચર્ચા વિચારણા બાદ તમામ મંત્રીઓને અલગ અલગ જિલ્લામાં મોકલવામાં આવશે. જે કલેક્ટરો રજા પર હતા તેમને બપોર સુધી હાજર થવાના હુકમ કરી દેવાયા છે. તમામ સ્ટાફની રજા રદ કરી દેવામાં આવી છે. નુકસાનીને ધ્યાનમાં રાખીને તમામ વ્યવસ્થા કરી છે. કચ્છથી લઈને દક્ષિણ ગુજરાત સુધીના દરિયાકાંઠાને હાઈએલર્ટ બનાવવામાં આવ્યો છે. અરબી સમુદ્રમાં જે ડિપ્રેશન ઉભું થયું છે તેમાંથી ૧૨ તારીખે વાવાઝોડું બનશે. જે આગામી ૧૩ અને ૧૪ જૂનના રોજ ગુજરાતમાં ત્રાટકવાની શક્યતા છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, સોમવારે મેં વેરાવળના તમામ ખારવા સમાજના લોકોને વિનંતી કરી છે કે ચાર પાંચ દિવસ દરિયામાં ન જાય. જે લોકો દરમિયામાં ગયા છે તેમને પરત બોલાવી લેવામાં આવે. મંગળવાર સાંજ સુધી એનડીઆરએફની ૧૧ ટીમ પહોંચી જશે. જ્યારે વધારાની ૧૦ ટીમ બહારથી બોલાવવામાં આવી છે.

મુખ્યમંત્રીના જણાવ્યા પ્રમાણે કાંઠાના વિસ્તારોમાં બુધવારથી સ્થળાંતર શરૂ કરવામાં આવશે. કોઈને નુકસાન ન પહોંચે તેવી સૂચના આપી દેવામાં આવી છે. ઓડિશામાં તાજેતરમાં વાવાઝોડું આવ્યું હતું તે અંગે અમે ત્યાંના અધિકારીઓના સંપર્કમાં છીએ. અમે ઓડિશા સરકાર પાસેથી સૂચના અને વાવાઝોડામાં કેવું આયોજન કરવામાં આવ્યું હતું તેનો રિપોર્ટ મંગાવ્યો છે.

# રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ મુલત્વી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મુખ્યમંત્રીના



નિવાસસ્થાને મંગળવારે મોડીસાંજે યોજાયેલી ઉચ્ચકક્ષાની સમીક્ષા બેઠકમાં રાજ્યમાં ૧૩મીથી ૧૫મી દરમિયાન યોજાનારા શાળા પ્રવેશોત્સવ મુલત્વી રાખવાનો નિર્ણય કરાયો હતો.

સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લામાં જ્યાં 'વાયુ' વાવાઝોડાની સંભાવના છે ત્યાં ૩ દિવસ શાળાઓમાં રજા જાહેર કરવાનો પણ નિર્ણય કરાયો હતો.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં એવી અપીલ કરાઈ હતી કે, સૌરાષ્ટ્રના ખાસ કરીને સોમનાથ, દ્વારકા, પોરબંદર અને સાગરકાંઠાના પ્રવાસનધામોમાં રહેલા પ્રવાસીઓ તાકિદે આ વિસ્તારો છોડી સલામત સ્થળે ખસી જાય. આવા પ્રવાસીઓને જરૂર જણાય તો ખાસ બસ માટે સંબંધિત જિલ્લાના એસ.ટી. ડેપો મેનેજરનો તાત્કાલિક સંપર્ક સાધવા જણાવાયું છે.

જિલ્લા વહીવટી તંત્રને પણ સુચના અપાઈ છે કે, તમામ પ્રવાસીઓને સલામત સ્થળે પહોંચવા માટે વાહનોની વ્યવસ્થા ગોઠવવી.

મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ સંભવિત 'વાયુ' વાવાઝોડાના શક્યતાના પગલે રાજ્ય મંત્રીમંડળની દર બુધવારે મળતી કેબિનેટ બેઠક મોકુફ રાખવાનો પણ નિર્ણય કર્યો હતો અને રાજ્યના દરેક મંત્રીઓને પોતપોતાના જિલ્લાઓમાં પહોંચીને વહીવટી તંત્રને માર્ગદર્શન આપવા જણાવાયું હતું.

આ ઉપરાંત બુધવારે યોજનાર સાંસદોની બેઠક પણ મુલત્વી રાખવામાં આવી છે.

ઉચ્ચસ્તરીય બેઠકમાં સૌરાષ્ટ્રના પોરબંદર, ગીરસોમનાથ, બોટાદ, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, જૂનાગઢ, અમરેલી, રાજકોટ અને કચ્છ વિસ્તારમાં તંત્રને એલર્ટ પર રહેવાની તાકિદ કરી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



Craayons Pre-School & Activity center
ADMISSION OPEN 2019-20
VISHESH changing children's lives... AFTERNOON BATCH
DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY
Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com